# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

1) ભારત અને ભૂટાને પ્રથમ ક્રોસ-બોર્ડર રેલ્વે લિંક્નાવિકાસ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા

2) કેન્દ્રીય જળ શક્તિ મંત્રી કહ્યું કે ગંગાનું સંરક્ષણ ફક્ત પર્યાવરણીય પ્રયાસ નથી- પણ ભારતીય સાંસ્કૃતિક વારસા, શ્રદ્ધા અને લોકોની જીવનરેખા સાથેનું જોડાણ છે

3) કેનેડાએ બિશ્નોઈ ગેંગને ક્રિમિનલ કોડ હેઠળ આતંકવાદી ગેંગ જાહેર કરી.

4) અમેરિકાના અને ઇઝરાયલી વડાઓ વચ્ચેની બેઠક બાદ બે વર્ષ જુના ગાઝા સંઘર્ષના અંત માટે શાંતિ યોજના જાહેર.

5) એશિયન એકવેટિક સ્પર્ધામાં ભારતે વધુ એક રજત અને 3 કાંસ્ય ચંદ્રક જીત્યા.

6) ICC મહિલા ODI વર્લ્ડ કપ 2025ની આજથી શરૂઆત - ભારત અને શ્રીલંકા વચ્ચે આજે પ્રથમ મેચ રમાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INDIA-BHUTAN-MEA

વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ નવી દિલ્હીમાં તેમના ભૂટાનના સમકક્ષ ઓમ પેમા ચોડેન સાથે પરામર્શ કર્યો.

આ બેઠક દરમિયાન, ભારત અને ભૂટાન વચ્ચે રેલ્વે લિંક્સની સ્થાપના માટે આંતર-સરકારી સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સમજૂતી કરારમાં કોકરાઝાર અને ગેલેફુ, અને બનારહાટ અને સમત્સેને જોડતી ક્રોસ-બોર્ડર રેલ લિંક્સના પ્રથમ સેટની સ્થાપનાની કલ્પના કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટ્સ બંને દેશો વચ્ચે જોડાણ વધારવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે.આ પ્રોજેક્ટ આર્થિક અને લોકો-થી-લોકોના જોડાણોને મજબૂત બનાવશે. આ ઉપરાંત, તેમણે 1020 મેગાવોટ પુનાત્સંગચુ-2 હાઇડ્રોપાવર પ્રોજેક્ટના તમામ છ એકમોના સફળ કમિશનિંગનું સ્વાગત કર્યું, જે ઊર્જા ભાગીદારી પર ભારત-ભૂતાન સંયુક્ત વિઝનના અમલીકરણમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.

# JAL-SHAKTI-MEETING

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટિલે ભારપૂર્વક જણાવ્યું છે કે ગંગાનું સંરક્ષણ ફક્ત પર્યાવરણીય પ્રયાસ નથી, પરંતુ તે ભારતના સાંસ્કૃતિક વારસા, શ્રદ્ધા અને લાખો લોકોની જીવનરેખા સાથે આંતરિક રીતે જોડાયેલું છે.

શ્રી પાટિલે નવી દિલ્હીમાં ગંગા કાયાકલ્પ પર સશક્ત ટાસ્ક ફોર્સની 16મી બેઠકમાં આ સિદ્ધિઓ પર સંતોષ વ્યક્ત કરતા, કેન્દ્રીય મંત્રીએ ભાર મૂક્યો કે ટાસ્ક ફોર્સ દ્વારા ગયા વર્ષ દરમિયાન લેવામાં આવેલા લગભગ 80 ટકા મુદ્દાઓ સફળતાપૂર્વક ઉકેલાઈ ગયા છે.

કેન્દ્રીય મંત્રી સી.આર. પાટિલે ગંગા બેસિનના તમામ રાજ્યોને કેન્દ્રીય જળ આયોગની તકનીકી માર્ગદર્શિકા લાગુ કરવા વિનંતી કરી, ભાર મૂક્યો કે સંવેદનશીલ વિસ્તારોમાં પ્રવૃત્તિઓનું નિયમન કરવા માટે આવા નિયમન આવશ્યક છે. આ બેઠકમાં વિવિધ મંત્રાલયો અને રાજ્ય સરકારોના મુખ્ય હિસ્સેદારો, NMCG અને ભાગ લેનારા રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

# CANADA-BISHNOI-GANG

કેનેડાએ બિશ્નોઈ ગેંગને ક્રિમિનલ કોડ હેઠળ આતંકવાદી સંસ્થા તરીકે જાહેર કરી છે. બિશ્નોઈ ગેંગને આતંકવાદી સૂચિમાં સામેલ થતાં જ કેનેડામાં આ જૂથની માલિકીની કોઈપણ વસ્તુ, જેમાં મિલકત, વાહનો અને પૈસા કેનેડિયન કાયદા અમલીકરણ દ્વારા સ્થગિત અથવા જપ્ત કરી શકાય છે.

આ સૂચિના કાયદા હેઠળ સંપતિની જપ્તીની સાથે આતંકવાદી ગુનાઓ, જેમાં ધિરાણ, મુસાફરી અને ભરતી સંબંધિત ગુનાઓનો સામે કાર્યવાહી કરી શકાય.

કેનેડાના જાહેર સલામતી મંત્રી ગેરી આનંદ સાંગરીએ જણાવ્યું હતું કે બિશ્નોઈ ગેંગ દ્વારા ચોક્કસ સમુદાયોને આતંક, હિંસા અને ધાકધમકી માટે નિશાન બનાવવામાં આવ્યા છે.

એક નિવેદનમાં, કેનેડા સરકારે કહ્યું કે, બિશ્નોઈ ગેંગ કેનેડામાં હાજરી ધરાવે છે અને નોંધપાત્ર ડાયસ્પોરા સમુદાયો ધરાવતા વિસ્તારોમાં સક્રિય છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે આ ગેંગ હત્યા, ગોળીબાર અને આગચંપીમાં સામેલ છે, અને ખંડણી અને ધાકધમકી આપી આતંક પેદા કરે છે.

તેઓ આ સમુદાયોમાં અસુરક્ષાનું વાતાવરણ બનાવે છે. આ સંગઠનના ઉમેરા સાથે, હવે કેનેડાના ક્રિમિનલ કોડ હેઠળ 88 આતંકવાદી સંસ્થાઓ સૂચિબદ્ધ છે.

# DIGITAL INDIA NATIONAL WORKSHOP

આગામી 3 અને 4 ઓક્ટોબરના રોજ ડિજિટલ ઈન્ડિયા, જમીન વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન ઉપર બે દિવસીય નેશનલ કોન્ફરન્સ ગુજરાતના ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાશે.

આ કોન્ફરન્સમાં ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકોર્ડ મોર્ડર્નાઇઝેશન પ્રોગ્રામના લક્ષ્યો હાંસલ કરવા માટેના વિઝન, નોલેજ શેરિંગ અને કેપેસિટી બિલ્ડિંગ, બેસ્ટ પ્રેક્ટિસીસ, ઇનોવેશન કેસ સ્ટડી તથા પોલિસી સ્ટ્રકચર વગેરે મુદ્દાઓની ચર્ચા થશે.

ડૉ. જયંતી રવિએ આ અંગે મીડિયાને માહિતી આપતા જણાવ્યું કે,

**(BYTE: ડૉ. જયંતી રવિ, અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# BOREWELL RESCUE SYSTEM

**IIT ગાંધીનગરે NDRF માટે મજબૂત અને વિશ્વસનીય બોરવેલ રેસ્ક્યુ સિસ્ટમ વિકસાવી છે. ગાંધીનગરે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી દ્વારા વડોદરાના જરોદ સ્થિત નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની 6ઠ્ઠી બટાલિયનને સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિકસિત બોરવેલ રેસ્ક્યુ સિસ્ટમ સોંપી હતી.**

**આ IITGN નો કર્મચારી-આગેવાની હેઠળનો પ્રથમ પ્રોજેક્ટ છે જે ઇન-હાઉસ વિકસાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો હેતુ બોરવેલ રેસ્ક્યુ કામગીરીને વધુ સુરક્ષિત અને વધુ અસરકારક બનાવવાનો છે.**

**દર વર્ષે, ભારતમાં બાળકો ખુલ્લા બોરવેલમાં પડી જાય છે, જે બચાવકર્તાઓ માટે જટિલ પડકારો ઉભા કરે છે. જેમાં ભારે અને અસ્થિર રેસ્ક્યુ સળિયાને મેન્યુઅલી ઉપાડવાને બદલે નિયંત્રિત લિફ્ટિંગ-ડ્રેગિંગ મિકેનિઝમનો**

સમાવેશ થાય છે. આ નવી સિસ્ટમ અનેક મોક ટેસ્ટમાં સફળતા થયા બાદ તેને ક્ષેત્રીય ઉપયોગ માટે NDRFને સોંપવામાં આવી છે.

# TRUMP-GAZA-PEACE-PLAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ વચ્ચેની બેઠક બાદ વ્હાઇટ હાઉસે બે વર્ષ જૂના ગાઝા સંઘર્ષનો અંત લાવવા માટે શાંતિ યોજના જાહેર કરી છે.

જો બંને પક્ષો આ દરખાસ્ત સાથે સંમત થાય છે તો 72 કલાકની અંદર, બધા બંધકો, જીવંત અને મૃતકો, પરત કરવામાં આવશે. એકવાર બધા બંધકોને મુક્ત કરવામાં આવે, પછી ઇઝરાયલ 250 આજીવન કેદની સજાના કેદીઓને મુક્ત કરશે અને 7 ઓક્ટોબર 2023 પછી અટકાયતમાં લેવામાં આવેલા એક હજાર 700 ગાઝા વાસીઓને મુક્ત કરશે

શાંતિ યોજનામાં ગાઝાને એક કટ્ટરપંથી અને આતંકવાદ મુક્ત ક્ષેત્ર બનાવવાનો સમાવેશ થાય છે. ગાઝાના લોકોના લાભ માટે તેનો પુનઃવિકાસ કરવામાં આવશે, જો બંને પક્ષોની સહમતી સાથે આ યુદ્ધ તાત્કાલિક સમાપ્ત થઈ જશે. આ સમય દરમિયાન, હવાઈ અને તોપખાનાના બોમ્બમારા સહિત તમામ લશ્કરી કામગીરી સ્થગિત કરાશે. ગાઝા છોડવા માંગતા હમાસના સભ્યોને અન્ય દેશમાં જવા માટે સંપૂર્ણ સુરક્ષિત માર્ગ પૂરો પાડવામાં આવશે.

# ASIAN AQUATIC

એશિયન એકવેટિક સ્પર્ધામાં ભારતે વધુ 1 રજત અને 3 કાંસ્ય ચંદ્રક જીત્યા. ગુજરાતના અમદાવાદમાં ચાલી રહેલા 11મી એકવેટિક ચેમ્પીયનશિપના બીજા દિવસે ભારતે વધુ 1 રજત અને 3 કાંસ્ય ચંદ્રકની જીત સાથે મેડલ ટેબલમાં નવમા ક્રમે રહ્યું.

શ્રી નટરાજનો વ્યક્તિગત પુરુષોની 200 મીટર ફ્રીસ્ટાઇલ અને 50 મીટર બેકસ્ટ્રોકમાં સિલ્વર મેડલ જીત્યો હતો. નટરાજ માટે આ ચોથો મેડલ હતો - અને ટીમ ઇવેન્ટમાં બીજો હતો.

જયારે અનિષ ગોવડા, સાજન પ્રકાશ, સોએન ગાંગુલી, શ્રી હરી નટરાજનની ટીમે રજત ચંદ્રક જયારે વ્યતિકતીગત ઇંદિવર અને વિલ્સને ડાઇવિંગમાં રજત ચંદ્રક મેળવ્યો. રિષભ દાસે 200 મીટર બેક સ્ટ્રોકમાં રજત ચંદ્રક, કુશાગ્ર રાવતે 1500 મીટર ફ્રી સ્ટાઇલમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

સ્વિમિંગ ઇવેન્ટ્સમાં, 12 ભારતીયો પોતપોતાની રેસની ફાઇનલમાં પહોંચ્યા, અને બે રિલે ટીમોએ પણ ક્વોલિફાય કર્યું.

# CRICKET

ICC મહિલા ODI વર્લ્ડ કપ 2025ની શરૂઆત આજે ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યજમાન ભારત અને શ્રીલંકા વચ્ચે પ્રથમ મેચ સાથે થશે.

આ મેચ આજે બપોરે 3 વાગ્યે શરૂ થશે. 2025 મહિલા વર્લ્ડ કપ 50 ઓવરની ક્રિકેટ ટુર્નામેન્ટની 13મી આવૃત્તિ છે. જેમાં આઠ ટીમો ભાગ લેશે.

ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ભારત, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, બાંગ્લાદેશ અને પાકિસ્તાન છે.

આ ટીમો ભારતના ચાર સ્થળો અને કોલંબોમાં એક સ્થળોએ રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં 28 લીગ મેચોમાં ભાગ લેશે. કટ્ટર હરીફ ભારત અને પાકિસ્તાન વચ્ચેની અપેક્ષિત મેચ પાંચ ઓક્ટોબરના રોજ કોલંબોમાં રમાશે.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ તેમના પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) આ ટાઇટલ માટે પાછલા 47 વર્ષથી રાહ જોવે છે.

# INTERNATIONAL-TRANSLATION-DAY

આજે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ ભાષા વ્યાવસાયિકોના કાર્યને યાદ કરવાનો અવસર છે, જે રાષ્ટ્રોને એકસાથે લાવવા, સંવાદ, સમજણ અને સહયોગને સરળ બનાવવા, વિકાસમાં યોગદાન આપવા અને વિશ્વ શાંતિ અને સુરક્ષાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

2017માં, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ વિવિધ રાષ્ટ્રને જોડવામાં અને શાંતિ, સમજણ અને વિકાસને પ્રોત્સાહન આપવામાં ભાષા વ્યાવસાયિકોની ભૂમિકા પર એક ઠરાવ અપનાવ્યો અને 30 સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ તરીકે જાહેર કર્યો. 30 સપ્ટેમ્બર એ બાઇબલ અનુવાદક, સેન્ટ જેરોમના તહેવારની ઉજવણીનો દિવસ છે, જેમને અનુવાદકોના આશ્રયદાતા સંત માનવામાં આવે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

♣ આજના અખબારોએ વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારોની હેડલાઇન બનાવી છે.

♣ ગુજરાત સમાચાર લખે છે ભારતે પોતાનું ગૌરવ જાળવ્યું- નક્વીના હાથે ટ્રોફી નહીં જ

♣ દિવ્ય ભાસ્કર લખે છે RSSના 100 વર્ષ- દેશમાં સાત મોટા પ્રોગ્રામ, સંઘના પ્રચાર માટે મોહન ભાગવત વિદેશમાં પણ જશે

♣ સંદેશ  લખે છે  us બહાર બનેલી ફિલ્મો પર 100 ટકા ટેરીફની ટ્રમ્પની જાહેરાત, ભારતીય ફિલ્મોને માઠી અસર થવાની સંભાવના.... ટ્રોફી ચોર નક્વી સામે iccમાં ફરિયાદ કરાશે.....

♣ શહિદોના સન્માન માટે ચેમ્પિયન ભારતે ટ્રોફીના લીધી...આ સમાચારને નવગુજરાત સમયે પ્રથમ પાને છાપ્યા છે

♣ ફૂલછાબ પ્રથમ પાને લખે છે- 4 વર્ષ પછી ટ્રેનથી જઈ શકાશે ભૂતાન

♣ એક અહેવાલમાં દિવ્ય ભાસ્કર લખે છે ગુજરાતમાં દલાલો 20 લાખની કાર રૂપિયા 2 લાખમાં વેચી રહ્યા છે, RC , નંબર પ્લેટ સહિત બધુ નકલી....ચોમાસાની ઋતુ પુરી થઈ છતાં વરસાદી માહોલ યથાવત રહેશે...

♣ એશિયન એક્વેટિક્સ ચેમ્પિયનશિપ- ભારતીય રીલે ટીમે 16 વર્ષ બાદ સ્પર્ધામાં કોઈ મેડલ જિત્યો.... વિમેન્સ વર્લ્ડ કપમાં આજે પ્રથમ મેચમાં બપોરે ભારત અને શ્રીલંકા વચ્ચે મુકાબલો આ સમાચારને તમામ અખબારોએ રમતગમતના પાનાં પર સ્થાન આપ્યું છે.